પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલપંચાલ
વર્ષ : ૨૯ અંક : ૨૨૦ કુલ પાના : ૪ તારીખ : ૧૧-૦૫-૨૦૨૬ સોમવાર કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER: KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦




# મહિસાગરના લુણાવાડામાં તાપમાન ૪૩ ડીગ્રી પહોંચતા રસ્તા સૂમસામ બન્યા

મહિસાગર, ગુજરાતમાં ફરી એકવાર હીટવેવની અસર જોવા મળી રહી છે. મહીસાગર જીલ્લામાં પણ કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે, જ્યાં લુણાવાડા શહેરમાં તાપમાન ૪૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. હવામાન વિભાગે રાજ્યના વિવિધ જીલ્લાઓ માટે લૂના પ્રકોપને લઈ ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

વધતી ગરમીના કારણે જનજીવન પર સીધી અસર પડી રહી છે. ખાસ કરીને બપોરના ૧૨ વાગ્યા બાદ તાપમાનમાં ભારે વધારો થતાં લોકો કામ વગર ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. શહેરના મુખ્ય માર્ગો તેમજ હાલોલ–શામળાજી હાઈવે ઉપર બપોરના સમયે વાહનોની અવરજવર પણ ઓછી જોવા મળી હતી.

ગરમીથી બચવા માટે ટુ–વ્હીલર ચાલકો હેલ્મેટ, ટોપી અને મોઢા પર કપડું બાંધીને મુસાફરી કરતા નજરે પડ્યા હતા. ભારે ગરમી અને ગરમ પવનોના કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. બીજી તરફ, હવામાન વિભાગે આગામી ૧૫ મે સુધી રાજ્યમાં હીટવેવની સ્થિતિ યથાવત રહેવાની આગાહી વ્યક્ત કરી છે. જોકે, ૧૫ મે બાદ તાપમાનમાં ૧ થી ૨ ડિગ્રી સુધી ઘટાડો થવાની શક્યતા છે, જેના કારણે લોકોને થોડી રાહત મળી શકે છે.

## છોટાઉદેપુર જીલ્લા પ્રા. શિક્ષક સંઘ દ્વારા ઉનાળા વેકેશનમાં વસ્તી ગણતરીની તાલીમ યોજવા સામે વિરોધ કર્યો

નસવાડી, છોટાઉદેપુર જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ઉનાળુ વેકેશન દરમિયાન વસ્તી ગણતરીની તાલીમ યોજવામાં ન આવે તેવી માંગ સાથે કલેક્ટર તથા શિક્ષણ વિભાગને રજૂઆત કરાઈ છે. સંઘના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે શિક્ષકોને સમગ્ર વર્ષ દરમિયાન શૈક્ષણિક તેમજ વિવિધ કામગીરીમાં જોડાવું પડતું હોય છે. ઉનાળુ વેકેશન શિક્ષકો માટે આરામ, પરિવાર સાથે સમય વિતાવવાનો તથા આગામી શૈક્ષણિક સત્રની તૈયારી માટે મહત્વપૂર્ણ સમય ગણાય છે.

આવા સમયમાં તાલીમ કાર્યક્રમો યોજાતા શિક્ષકોમાં અસંતોષની લાગણી ફેલાઈ રહી છે. રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે, વસ્તી ગણતરી જેવી મહત્વપૂર્ણ કામગીરી માટે તાલીમ જરૂરી છે, પરંતુ તે શાળાઓ શરૂ થયા બાદ અથવા અનુકૂળ સમયગાળા દરમિયાન યોજાય તો અનુકૂળતા રહેશે. છોટાઉદેપુર જી. પ્રા. શિક્ષક સંઘે નસવાડી તા. પ્રા. શિક્ષક સંઘ સહિતના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘોની રજૂઆતને દયાને લઈ ઉનાળુ વેકેશન દરમિયાન યોજાનારી તાલીમ મુલતવી રાખવા જીલ્લા વહીવટી તંત્રને પત્ર લખીને રજૂઆત કરી છે.

## સંતરામપુર પાલિકા વિસ્તારમાં ભુર્ગભ ગટરના ૧૦૦૦ હાઉસ કનેકશન અપાયા

સંતરામપુર, સંતરામપુર નગરપાલિકા વિસ્તારમાં ભૂગર ગટરના ૧૦૦૦ હાઉસ કનેકશન અપાયા. ગુજરાત ડેવલો મેન્ટ જીયુડીસી દ્વારા આયોજીત સંતરામપુર નગરમાં ભૂગર ગટર યોજના ૨૦૧૭ માં અમલમાં આવેલી હતી. આઠ વર્ષ પછી સંતરામપુર નગરમાં હવે ધીરે ધીરે ભૂગર્ભ ગટર યોજના કાર્યરત થઈ રહેલી છે. ૧૭ કરોડના ખર્ચે બનેલી આ ભૂગર્ભ ગટર હવે ખુલ્લી ગટરો માંથી મુકત બની પાલિકા અને નાગરિકોને હવે સફાઈમાં અને ગંદકીથી રાહત મળશે, ખુલ્લી ગટરો હોવાના કારણે મચ્છરનો ઉપદ્રવ દુર્ગંધ માંથી અને રોગચાળા થી મુકિત મળશે નગરના દરેક વિસ્તારોમાં નવા આરસીસી રસ્તા સાથે પહેલા હવે ધીરે ધીરે બ્રાહ્મણવાડા, મંગલ જયોત, શિકારી ફળીયા આવા વિવિધ વિસ્તારોમાં પણ દરેક જગ્યાએ ખુલ્લી ગટરો બંધ કરીને અંડરગ્રાઉન્ડ કરી આ યોજનાનું હવે ગટરનું કામગીરી પૂર્ણ થવાનું અંત આવી રહ્યો છે. છેલ્લા છ માસની અંદર જ ૧૦૦૦ હાઉસ કનેકશન અપાયા નગરના દરેક વિસ્તારોમાં બે તબક્કાવાર આ કામગીરી પૂર્ણ કરવામાં આવી રહી છે. સંતરામપુર નગર એટલે ખુલ્લી ગટરોથી મુકત બન્યું.

# કવાંટના સિંહાદામાં નલ સે જલ યોજના ફેલ જતા પાણી માટે મહિલા દુર-દુર સુધી લાંબા થવા મજબુર



છોટા ઉદેપુર, ઉનાળાની કાળઝાળ ગરમીની શરૂઆત થતાની સાથે જ ગુજરાતના અનેક અંતરિયાળ વિસ્તારોમાં જળ સંકટ ઘેરાયું છે. ખાસ કરીને છોટાઉદેપુર જીલ્લાના કવાંટ તાલુકાના છેવાડાના અને સરહદી ગામ સિંહાદામાં પીવાના પાણીની સ્થિતિ અત્યંત દયનીય બની છે. સરકારની નલ સે જલ યોજના કાગળ પર હોય તેમ લાગી રહ્યું છે, કારણ કે વાસ્તવિકતામાં ગ્રામજનોને ટીપે–ટીપે પાણી માટે રઝળપાટ કરવો પડી રહ્યો છે.

૭ હજારની વસ્તી ધરાવતા સિંહાદા ગામમાં કહેવા માટે ૧૦૦ જેટલા હેન્ડપમ્પ અને બોર આવેલા છે. પરંતુ, ભૂગર્ભ જળના સ્તર નોંધપાત્ર રીતે નીચે ઉતરી જતાં મોટાભાગના બોર શોભાના ગાંઠિયા સમાન બની ગયા છે. કેટલાક બોરમાંથી માત્ર હવા નીકળે છે. જ્યાં થોડું પાણી આવે છે ત્યાં પણ લાંબી કતારો અને કલાકોની રાહ જોવી પડે છે. મહિલાઓએ ભરબપોરે માથે બેડાં લઈને એક વિસ્તારથી બીજા વિસ્તારમાં ભટકવું પડે છે.

ગામમાં પાણીની અછત એટલી હદે વકરી છે કે, હવે સામાજીક કે માઠા પ્રસંગોમાં પાણી વેચાતું લેવાની નોબત આવી છે. સિંહાદા ગામમાં હાલ લગ્નસરાની મોસમ છે, પરંતુ ખુશીના આ માહોલમાં પણ પાણીની ચિંતા મુખ્ય બની છે.

ગામના એક યુવકના આજે લગ્ન છે, પરંતુ ઘરમાં મહેમાનો માટે પાણી ન હોવાથી દિવસમાં ત્રણ વખત ટેન્કર મંગાવવાની ફરજ પડી છે. વરરાજાએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, દર વર્ષે ઉનાળો શરૂ થતા જ આ સમસ્યા વિકરાળ બને છે. લગ્ન જેવા પ્રસંગમાં પણ અમારે પાણી વેચાતું લેવું પડે છે, જે આર્થિક રીતે પણ બોજ બને છે.

ગામલોકોની મુખ્ય માંગ...

સ્થાનિક મહિલાઓ અને ગ્રામજનોમાં વહીવટી તંત્ર પ્રત્યે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોની માગ છે કે,

૧. નલ સે જલ યોજનાની ખામીઓ દૂર કરી તાત્કાલિક ઘરે–ઘરે પાણી પહોંચાડવામાં આવે.

૨. ગામમાં નવા ઊંડા બોર બનાવવામાં આવે અથવા વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવામાં આવે.

૩. ઉનાળાના બાકીના દિવસોમાં તંત્ર દ્વારા નિયમિત પાણીના ટેન્કરની સુવિધા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે. એક તરફ ડિજીટલ ઈન્ડિયા અને વિકાસની વાતો થાય છે, ત્યારે બીજી તરફ આઝાદીના આટલા વર્ષો પછી પણ સરહદી ગામની મહિલાઓએ પીવાના પાણી માટે કિલોમીટરો સુધી ભટકવું પડે તે તંત્રની ઘોર બેદરકારી સૂચવે છે.

## સંખેડા તડવી સમાજનો ૨૨મો સમૂહ લગ્નોત્સવમાં મંત્રી સહિત અનેક આગેવાનો હાજર રહ્યા



સંખેડા, સંખેડા તડવી સમાજ દ્વારા સંખેડા ખાતે ૨૨મા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના આગેવાનો અને રાજકીય મહાનુભાવોએ હાજરી આપી નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

આ સમૂહ લગ્નોત્સવમાં મંત્રી નરેશ પટેલ, સંખેડા વિધાનસભાના ધારાસભ્ય અભેસિંહ તડવી, છોટાઉદેપુર લોકસભાના સાંસદ જસુભાઈ રાઠવા, સંખેડા તાલુકા પ્રમુખ જૈમિન પટેલ, મહામંત્રી શૈલેષ વસવા અને આગેવાન દેવુસિંહ ભરવાડ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવોએ તડવી સમાજની સમૂહ લગ્નની પરંપરાને બિરદાવી હતી. તેમણે સમાજમાં એકતા અને સંગઠન જાળવવા માટે આવા આયોજનોને અત્યંત જરૂરી ગણાવ્યા હતા. આ પ્રસંગે સંગઠનના સૌ કાર્યકર્તાઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## કડાણા પોલીસ મથકના અપહરણ ગુનાના વોન્ટેડ આરોપીને એસ.ઓ.જી. પોલીસે સંતરામપુરથી પકડાયો

મહિસાગર, મહીસાગર SOGએ કડાણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણના ગુનામાં ફરાર આરોપી ભરત રમેશભાઈ વાઘડીયાને સંતરામપુરના જુનાતલાવ ગામેથી ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહી મહીસાગર જીલ્લા પોલીસ વડાના નિર્દેશ બાદ કરવામાં આવી હતી.

SOG પીઆઈ વી.ડી. ધોરડાને ચોક્કસ બાતમી મળી હતી કે, કડાણા પોલીસ સ્ટેશનમાં BNS કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૧૧૫(૨), ૩૫૧(૩), ૫૪ તથા પોક્સો એક્ટની કલમ ૪, ૫(એલ), ૬,૧૨ હેઠળ નોંધાયેલા ગુનાનો ફરાર આરોપી ભરત વાઘડીયા સંતરામપુરના જુનાતલાવ ગામે એક લગ્ન પ્રસંગમાં હાજર રહેવાનો છે.આ બાતમીના આરોપીને ઝડપી પાડી, કાયદેસરની કાર્યવાહી માટે કડાણા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. આરોપી મહીસાગર જીલ્લાના કડાણા તાલુકાના રાજનપુર ગામનો રહેવાસી છે. આરોપી ભરત રમેશભાઈ વાઘડીયાનો ગુનાહિત ઈતિહાસ પણ છે. તેની સામે લુણાવાડા તાલુકા પોલીસ સ્ટેશનમાં IPC કલમ ૩૬૩,૩૬૬,૩૭૬(૨)(ગ), ૧૧૪ તથા પોક્સો એક્ટની કલમ ૪,૫(ક), ૬ હેઠળ પણ ગુનો નોંધાયેલો છે.

# નસવાડીની અશ્વિન નદી પર ચેકડેમ બને તો ૮ થી ૧૦ ગામોના ખેડુતોને સિંચાઈનો લાભ મળે





નસવાડી, નસવાડી નજીકથી અશ્વિન નદી પસાર થાય છે. હાલ અશ્વિન નદીમાં વહેતું પાણી હવે સતત સુકાઈ રહ્યું છે. તો સરકાર દ્વારા ભવિષ્યનો વિચાર કરી નસવાડી અશ્વિન નદી ઉપર મોટો ચેકડેમ બાંધે તો વિસ્તારના ખેડૂતોને ભર ઉનાળે સિંચાઈનો લાભ મળે તેમ છે. ચેકડેમ બધાંય તો આઠથી દસ ગામના ખેડૂતોને લાભ થાય પાણી રોકાય તો પાણી ના જળ સ્તર ઉંચા આવે તેમ છે. નસવાડી તાલુકો આદિવાસી વિસ્તાર ધરાવતો તાલુકો છે.નસવાડી તાલુકામાં મોટા ભાગના ગામડાઓમાં નાના મોટા કોતરો ઉપર પાણી જળ સ્તર ઉંચુ લાવવા લાખ્ખો રૂપિયાના ખર્ચે ચેકડેમ બનાવામાં આવે છે. પરંતુ ચોમાસામાં પાણી રોકાય તે પહેલા ચેકડેમ તૂટી જતા હોય છે. જેને લઈ ચેકડેમનો હેતુ સિદ્ધ થતો નથી. જેને લઈ ઉનાળામાં એજ ખેડૂત હતા ત્યાના ત્યા રહેતા હોય છે. નસવાડી નજીકથી અશ્વિન નદી વહી રહી છે.

હાલ ભરઉનાળાના મે મહિનામાં પણ પાણી વહી રહ્યું છે. નસવાડી કલેડીયા જવાના રસ્તે સલીયા પુલ નીચે ચેકડેમ બને તેવી સુંદર જગ્યા છે. નસવાડીની એકદમ નજીક અને આ જગ્યા ઉપર બે મીટર ઉંચાઈ ધરાવતો ચેકડેમ બની જાય તોય જે પાણી ચોમાસા દરમિયાન સગ્રહ થાય તે બીજું ચોમાસુ આવે ત્યાં સુધી રહે તેમ છે. જો ચેકડેમ બને તો વિસ્તારના ખેડૂતોને પણ ઉનાળું પાક કરવાની વધુ મજા આવે.

નસવાડી નજીક મોટો ચેકડેમ બનવામાં આવે તો નસવાડી નજીકના આઠથી દસ ગામના ખેડૂતોને ફાયદો થાય તેમ છે. અશ્વિન નદી કિનારે આવતા અનેક ગામડાના જળ સ્તર પાણી રોકાય તેમ ઉંચા આવે તેમ છે. છોટાઉદેપુર જીલ્લા સિંચાઈ વિભાગ આ બાબતે દયાન આપવું જોઈએ.

કઈ કઈ જગ્યાએ ચેકડેમ બની શકે નસવાડીના રામપુરી મંદિર પાસે, હરિપુરા ગામ પાસે, નસવાડી નજીક, આનંદપુરી, ફૂકાવટી બ્રિજ પછી આમ અલગ અલગ જગ્યાએ ચેકડેમ બની શકે તેવી જગ્યા છે. બે મીટર ઉંચી બોડી વોલના ચેકડેમ બને તો પાણી સગ્રહ થાય તેવી જગ્યા ઓ છે. સરકાર આ બાબતે કંઈક વિચાર કરવો જોઈએ.

### જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં

કેસ નં.૨૭૫/૨૦૨૫, તા.૦૬/૦૫/૨૦૨૬
અરજદાર– શ્રી મોહનિયા રેમનભાઈ હિંમતભાઈ, રહે.સજોઈ,તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂદ્ધ
સામાવાળા–તલાટી કમ મંત્રીશ્રી,સજોઈ,તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ મરણની નોંધણી કરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી મોહનિયા રેમનભાઈ હિંમતભાઈ તેમના પુત્ર–પુત્રી નામે ૧.મોહનિયા સકીલાબેન રેમનભાઈનો જન્મ તા.૧૯/૧૧/૨૦૧૦, ૨. મોહનિયા પ્રકાશભાઈ રેમનભાઈનો જન્મ તા.૨૩/૧૨/૨૦૧૧, ૩. મોહનિયા કૃષ્ણાબેન રેમનભાઈનો જન્મ તા.૨૬/૧૦/૨૦૧૨, ૪. મોહનિયા રવિનાબેન રેમનભાઈનો જન્મ તા.૨૫/૧૧/૨૦૧૬,૫. મોહનિયા સોનલબેન રેમનભાઈનો જન્મ તા.૦૧/૦૧/૨૦૧૭, ૬. મોહનિયા કમીલાબેન રેમનભાઈનો જન્મ તા.૦૩/૦૭/૨૦૧૯, ૭. મોહનિયા જયશ્રીબેન રેમનભાઈ નો જન્મ તા.૧૮/૦૧/૨૦૨૨,૮. મોહનિયા કિસ્મત રેમનભાઈનો જન્મ તા.૩૦/૦૧/૨૦૨૪ નારોજ મુ.સજોઈ, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્ર–પુત્રીનો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.સજોઈ, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારના પુત્ર–પુત્રી જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ– મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન–૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ–૦૬ માહે મે નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

### જાહેર નોટીસ મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા

અરજદારઃ– ચમાર ભાઈલાલભાઈ મણીલાલ,રહે.મોરવા, તા.શહેરા,જી.પંચમહાલ.
વિરુદ્ધ
સામાવાળાઃ– તલાટી કમ મંત્રીશ્રી, મોરવા,તા.શહેરા, જિ.પંચમહાલ.

આથી જાહેર જનતાને આ નોટીસ દ્વારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પુત્ર નામે સોલંકી મયુરભાઈ ભાઈલાલભાઈનું તા.૩૧/૦૫/૨૦૦૨ ના રોજ મોજે.મોરવા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પુત્રના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૨૯૯/૨૦૨૬ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૦૭, માહેઃ– મે, સને ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
હુકમથી
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

### જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં

કેસ નં. ૫૪૫/૨૦૨૫, તા.૦૬/૦૫/૨૦૨૬
અરજદાર– શ્રી ભુરીયા વિક્રમભાઈ ચેનીયાભાઈ, રહે.આંબાકાચ,તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂદ્ધ
સામાવાળા–તલાટી કમ મંત્રીશ્રી,આંબાકાચ,તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદારશ્રી ભુરીયા વિક્રમભાઈ ચેનીયાભાઈ તેમના પુત્ર નામે ભુરીયા ઈતેશભાઈ વિક્રમભાઈનો જન્મ તા.૧૧/૦૭/૨૦૦૮નારોજ મુ.આંબાકાચ,તા.ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રનો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.આંબાકાચ, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારના પુત્ર જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ– મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન–૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ–૦૬ માહે મે નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

### જાહેર નોટીસ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

કેસ નંબરઃ– ૫૪૦/૨૦૨૬ તા.૦૨/૦૪/૨૦૨૬
અરજદારઃ સંગાડા વિપુલભાઈ રમણભાઈ રહે.પાટીયા,તા.ગરબાડા, જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી,પાટીયા,તા.ગરબાડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી અરજદારશ્રી સંગાડા વિપુલભાઈ રમણભાઈના ના પુત્ર સંગાડા રાહુલભાઈ વિપુલભાઈનો જન્મ તા.૧૬/૦૧/૨૦૧૩ ગામ.પાટીયા,તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પુત્ર નો જન્મ થયેલ ત્યારે અરજદાર દવારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, પાટીયા,તા. ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્ર ના જન્મના દાખલાની જરુરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દવારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ :૦૨/૦૪૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા

### જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં

કેસ નં.૦૯/૨૦૨૬, તા.૦૬/૦૫/૨૦૨૬
અરજદાર– શ્રી સંગોડ સમસુભાઈ મિરીયાભાઈ, રહે.પાવ,તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂદ્ધ
સામાવાળા–તલાટી કમ મંત્રીશ્રી,પાવ,તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબજન્મ નોંધણી કરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી સંગોડ સમસુભાઈ મિરીયાભાઈ તેમના પુત્ર– પુત્રી નામે ૧. સંગોડ ઈશ્વરભાઈ સમસુભાઈનો જન્મ તા.૨૭/૧૨/૨૦૦૮, ૨. સંગોડ શાંતાબેન સમસુભાઈનો જન્મ તા.૨૦/૧૦/૨૦૧૧, ૩. સંગોડ શીતલબેન સમસુભાઈનો જન્મ તા.૦૭/૦૮/૨૦૧૩ નારોજ મુ.પાવ, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્ર–પુત્રીનો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.પાવ, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારના પુત્ર–પુત્રી જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ– મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન–૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ–૦૬ માહે મે નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

### જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં

કેસ નં. ૨૪/૨૦૨૬, તા.૦૬/૦૫/૨૦૨૬
અરજદાર– શ્રી પસાયા રાજુભાઈ બદીયાભાઈ, રહે.વાંકોટા,તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂદ્ધ
સામાવાળા–તલાટી કમ મંત્રીશ્રી,વાંકોટા,તા.ધાનપુર, જી.દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ મરણની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદારશ્રી પસાયા રાજુભાઈ બદીયાભાઈ તેમના પિતા નામે પસાયાબદિયાભાઈ મગનભાઈનું મરણ તા.૧૩/૧૦/૨૦૨૪નારોજ મુ.વાંકોટા,તા.ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પિતાનું મરણ થયેલ ત્યારે મરણ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.વાંકોટા, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારના પિતાના મરણના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ–મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન–૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ–૦૬ માહે મે નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

### જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં

કેસ.નં.૫૨૭/૨૦૨૬, તા.૦૬/૦૫/૨૦૨૬
અરજદારઃ શ્રી ચૌહાણ કિશોરસિંહ ગુલાબસિહ, રહે. વેડ, તા.ધાનપુર, જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી,વેડ, તા.ધાનપુર, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત. આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદાર શ્રી ચૌહાણ કિશોરસિંહ ગુલાબસિહની પુત્રી નામે ચૌહાણ રાજેશ્વરીબેન કિશોરસિંહનો જન્મ તા.૦૮/૦૪/૨૦૦૪ નારોજ વેડ, તા.ધાનપુર, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રી જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,વેડ, તા.ધાનપુર, જિ.દાહોદના જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીના જન્મ દાખલાની જરુરિયાત હોઈ અરજદાર જન્મ–મરણ અધિનિયમની કલમ નંઃ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત)માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દવારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો. આજ તારીખઃ ૦૬ માંહે : મે–૨૦૨૬ નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

## આપની આજ.......

મેષઃ ગણેશજી કહે છે, આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે.

વૃષભઃ આજે વૃષભ રાશિના જાતકો નિર્ભયતાથી કાર્યો પાર પાડી શકશે. જીવનસાથી સાથે આજનો દિવસ ખૂબ જ મધુર રહેશે.

મિથુનઃ આજે તમને પૂર્વજો તરફથી પૈસા મળવાની સંભાવના છે. આજે મંત્ર-તંત્રમાં તમારી રુચિ વધી શકે છે. પૂછ્યા વિના કોઈને સલાહ ના આપો, તેની વિપરિત અસર પડશે.

કર્કઃ આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. સ્થાયી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે. તમારા પિતાના આશીર્વાદથી સરકાર દ્વારા સન્માનિત થવાની સંભાવના હશે.

સિંહઃ આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. તમારી વર્તણૂક સાથે આ ધ્યાનમાં રાખો અને ભોજનમાં ધ્યાન રાખો.

કન્યાઃ ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો છેલ્લા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા હોય તો તેમાં સુધારો થશે. બાળકો તરફથી સારા સમાચાર મળવાના સંકેત છે. ભત્રીજાનો સહયોગ મળે તેવી સંભાવના રહેશે.

તુલાઃ આજે તમારે નાના ભાઈ-બહેનોના અસહકારનો ભાગ બનવું પડશે. તમારા સ્વભાવ પ્રત્યે ગંભીર બનો, તમે માત્ર મહેનત કરીને જ તમારા કાર્યમાં સફળ થશો.

વૃશ્ચિકઃ જો તમે વિદ્યાર્થી છો, તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો. આજે, સંભવ છે કે તમારા પર કોઈ બાબતનો આરોપ મૂકવામાં આવશે.

ધનઃ આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આજે તમે ધાર્મિક કાર્યક્રમોમાં વધુ સમય પસાર કરશો. આત્મવિશ્વાસના આધારે કરવામાં આવેલ પ્રયત્નો સફળ થશે. જૂના રોકાયેલા કાર્યો થોડો ખર્ચ કરીને પૂરા કરી શકાય છે.

મકરઃ આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. તમને તમારા મોસાળ તરફથી પણ માન મળશે. સાસુ-સસરા તરફથી અને પત્નીના પક્ષ તરફથી સંપૂર્ણ સહયોગ મળશે.

કુંભઃ આજે આવકથી વધુ ખર્ચા થશે. બાળકો દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ કાર્ય દ્વારા તમારું માન વધારશે. તમે તમારા ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનની બાજુએ વિજય મેળવવામાં સફળ થશો.

મીનઃઆજે બુદ્ધિ અને જ્ઞાન વધશે. તમારા ભારે પ્રયત્નોથી ઈચ્છા પૂર્ણ થશે. ગુરુ એ નિયમનો પ્રતિનિધિ છે, તેથી નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે. સાંજ ધાર્મિક કાર્યક્રમોમાં વિતાવશો. શુભ ખર્ચા વધશે.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા-અમદાવાદ હાઈવે વાવડી ખુર્દ પાસે કાર ચાલકે બાઈકને ટકકર મારતાં અકસ્માતમાં ત્રણ યુવાનો ઘટના સ્થળે મોત

**ગોધરા તાલુકાના દરૂણીયા અને સામલી બેઢીયાના યુવાનોના મોતથી પરિવારોમાં માતમ.**

**પંચમહાલ સમાચાર**
ગોધરા,

ગોધરા–અમદાવાદ હાઈવે રોડ પર વાવડી ખુર્દ પાસે અકસ્માત સર્જાયો હતો. પુરઝડપે દોડતી કાર ચાલકે રોડક્રોસ કરતી બાઈકને ટકકર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે, બાઈક સવાર ત્રણ યુવાને હવામાં ફંગોળી નાખતા ત્રણ યુવાનોનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. અકસ્માતમાં ત્રણ યુવાનોના મોતને પગલે પંથકમાં અરેરાટી વ્યાપી જવા પામી છે.



ગોધરા–અમદાવાદ હાઈવે રોડ પર વાવડ ખુર્દ પાસે આવેલી ચામુંડા હોટલ નજીક રોડ ઉપરથી ગોધરાત ાલુકાના દરૂણીયા ગામના બે યુવાનો અને સામલી ગામનો એક યુવાન મળી ત્રણ યુવાનો બાઈક ઉપર પસાર થઈ રહ્યા હતા અને રસ્તો રોડક્રોસ કરતા હોય ત્યારે હાઈવે રોડ ઉપર પુરઝડપે આવતી કારના ચાલકે બાઈકને અડફેટમાં લઈ ટકકર મારી હતી. જેને લઈ બાઈક સવાર ત્રણ યુવાનો હવામાં ફંગોળાઈ ગયા હતા અને ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. વહેલી સવારે સર્જાયેલા અકસ્માતમાં બાઈક સવાર યુવાનો બાઈકને કારની ટકકર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની સમગ્ર ઘટના સીસી ટીવીમાં કેદ થઈ હતી. કાર અને બાઈક વચ્ચે અકસ્માત એટલો ગંભીર હતો કે, બાઈકના કુરચા બોલી ગયો હતો. અકસ્માતની ઘટનાને લઈ સ્થાનિક લોકો દોડી આવ્યા હતા. અકસ્માત ઘટનાની પોલીસને જાણ કરતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. ત્રણ યુવાનોના મૃતદેહનો કબ્જો લઈ પી.એમ.અર્થે ગોધરા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સર્જનાર કાર ચાલક નાશી છુટીયો હતો. ગોધરા તાલુકા પોલીસ અકસ્માતનો ગુનો નોંધી કાર ચાલકને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા છે. અકસ્માતની ઘટનામાં દરૂણીયા અને સામલી બેટીયાના ત્રણ યુવાનોના અકાળે મોતને પગલે ગામ અને પરિવારોમાં માતમ છવાઈ ગયો હતો.

# ઘોઘંબા ગામમાંથી પસાર થતા ભારે વાહનો પર પ્રતિબંધની માંગ

**પંચમહાલ સમાચાર**
ઘોઘંબા,

ઘોઘંબા ગ્રામ પંચાયત દ્વારા ભારે વાહનોના અવરજવર મુદ્દે પોલીસ તંત્રને લેખિત રજૂઆત કરવામાં આવી છે. ગ્રામ પંચાયત દ્વારા રાજગઢ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરને સંબોધીને ગામમાંથી પસાર થતા ઓવરલોડ અને ભારે વાહનો પર કાર્યવાહી કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.

પંચાયતના જણાવ્યા અનુસાર છેલ્લા ઘણા સમયથી ઘોઘંબા ગામમાંથી ભારે માલવાહક વાહનો મોટી સંખ્યામાં પસાર થઈ રહ્યા છે. આ વાહનો શિવરાજપુર તરફથી



આવી ગોધરા તરફ જતા પહેલા ઘોઘંબા ગામમાંથી પસાર થાય છે. ઘણા વાહનો ઓવરલોડ હોવાને કારણે રસ્તાઓને નુકસાન પહોંચવાની સાથે અકસ્માતનો ભય પણ વધ્યો હોવાનું જણાવાયું છે.

ગામમાં હાલમાં નવો રસ્તો બનાવવામાં આવ્યો હોવાનું અને તે રસ્તો નાના વાહનો તેમજ સ્થાનિક ટ્રાફિક માટે ઉપયોગી હોવાનું પંચાયતે રજૂઆતમાં જણાવ્યું છે. ભારે વાહનોની અવરજવર યથાવત રહેશે તો નવો રસ્તો પણ તૂટી જવાની શકયતા હોવાનું કહેવામાં આવ્યું છે.

ઘોઘંબા બજાર વિસ્તાર વેપારી મથક હોવાથી સામાન્ય વાહનોની અવરજવર પહેલેથી જ વધુ રહે છે. ત્યારે ભારે વાહનોના કારણે ટ્રાફિક સમસ્યા સર્જાઈ રહી હોવાનું ગ્રામ પંચાયતે જણાવ્યું છે. સાથે જ બજાર વિસ્તારમાં ભારે વાહનો બેફામ રીતે દોડતા હોવાથી લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આથી, ગ્રામ પંચાયતે પોલીસ તંત્રને ગામમાંથી પસાર થતા ભારે માલવાહક વાહનો સામે કડક કાર્યવાહી કરી તેમને બંધ કરાવવા માંગ કરી છે.

# રાજગઢ પોલીસે રૂા.૨.૨૮ લાખના ૫ મોબાઈલ પરત કર્યા, 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હેઠળ અરજદારોને સોંપાયા

**પંચમહાલ સમાચાર**
ઘોઘંબા,

રાજગઢ પોલીસે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ હેઠળ રૂા. ૨.૨૮ લાખની કિંમતના ૦૫ ખોવાયેલા મોબાઈલ શોધીને તેમના મૂળ માલિકોને પરત કર્યા છે. આ કામગીરી પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકાના રાજગઢ પોલીસ સ્ટેશન દ્વારા કરવામાં આવી હતી.રાજગઢ પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.એસ. રાઠોડ અને સર્વેલન્સ સ્ટાફે ગુમ થયેલા મોબાઈલો શોધવા માટે સક્રિય પ્રયાસો કર્યા હતા. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ, CEIR પોર્ટલ અને હ્યુમન સોર્સીસનો ઉપયોગ કરીને આ ફોન શોધી કાઢ્યા હતા.

પરત કરવામાં આવેલા મોબાઈલમાં રૂા. ૧,૪૦,૦૦૦ ની કિંમતનો આઈફોન ૧૭ પ્રો મેક્સ, વન પ્લસ, વીવો અને રેડમી જેવા વિવિધ કંપનીના કિંમતી ફોનનો સમાવેશ થાય છે. કુલ પાંચ મોબાઈલ ફોનની અંદાજીત કિંમત રૂા. ૨,૨૮,૦૦૦ છે. રાજગઢ પોલીસ સ્ટેશન ખાતે બોલાવીને આ તમામ મોબાઈલ તેના મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યા હતા. મોબાઈલ પરત મળતા અરજદારોમાં ખુશીની લાગણી જોવા મળી હતી અને તેઓએ પોલીસની આ કામગીરીની પ્રશંસા કરી આભાર વ્યક્ત કર્યો હતો.



# શહેરાના ભદ્રાલા ગામની જ્ઞાનદીપ ગંગામા હાઈસ્કુલનું ધો.૧૦નું પરિણામ ૫૬.૫૨ ટકા આવતા ખુશી

**પંચમહાલ સમાચાર**
શહેરા,

ગુજરાત માદયમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ–૧૦ની પરીક્ષાનું પરિણામ જાહેર થતા શહેરા તાલુકાની ભદ્રાલા ગામની જ્ઞાનદીપ ગંગામા હાઇસ્કૂલમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. શાળાનું કુલ પરિણામ ૫૬.૫૨% આવ્યું છે, જેમાં પ્રથમ ત્રણ ક્રમે દીકરીઓએ મેદાન મારીને શાળા અને પરિવારનું નામ રોશન કર્યું છે.પંચમહાલ જીલ્લા બક્ષી વિકાસ મંડળ સાંપા. તા. ગોધરા. જી. પંચમહાલ સંચાલિત જ્ઞાનદીપ ગંગામા હાઇસ્કૂલ, ભદ્રાલામાં ફેબ્રુ./માર્ચ ૨૦૨૬ માં લેવાયેલી જ.જ.ઈ. બોર્ડની પરીક્ષામાં શાળાનું પરિણામ ૫૬.૫૨ ટકા જેટલું આવ્યું છે. જયારે શાળાના તેજસ્વી તારલાઓમાં પ્રથમ ક્રમે પગી રણકબેન અલ્પેશભાઈ ૮૬.૧૭ ટકા મેળવેલ છે. જયારે દ્વિતીય ક્રમે પટેલ આરતીબેન મહેન્દ્રસિંહ ૮૦.૦૦ ટકા મેળવેલ છે. અને તૃતીય ક્રમે પટેલ ક્રિષ્નાબેન સુરેશભાઈ ૭૫.૦૦ ટકા મેળવ્યા છે. શાળામાં S.S.C. બોર્ડની પરીક્ષામાં ૧ થી ૩ ક્રમે ઉત્તિર્ણ થયેલ આ ત્રણેય વિદ્યાર્થીનીઓને જ્ઞાનદીપ ગંગામા હાઇસ્કૂલ, ભદ્રાલાના આચાર્ય ડો. અર્જુનસિંહ એફ. તલાર તેમજ શાળા મંડળના પ્રમુખ







જયેન્દ્રસિંહ જશવંતસિંહ તથા મંત્રી પરમાર રાઈબેન જશવંતસિંહ સહિત શાળા પરિવાર અને ગ્રામજનો દ્વારા ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ ત્રણેય વિદ્યાર્થીનીઓએ S.S.C. બોર્ડની પરીક્ષામાં સારા ટકા મેળવીને શાળા, ક્ષત્રિય સમાજ તેમજ પોતાના કુટુંબ પરિવાર અને માતા પિતાનું નામ રોશન કર્યું છે.

# ગોધરામાં દારૂસ્સુલહ વલ-ખેર અને પંચમહાલ પોલીસના સંયુકત ઉપક્રમે કારકીર્દી સેમિનાર યોજયો

**પંચમહાલ સમાચાર**
ગોધરા,

ગોધરામાં દારૂસ્સુલહ વલ–ખેર અને પંચમહાલ પોલીસ પરિવાર ના સંયુકત ઉપક્રમે તેજસ્વી વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ ૧૦ અને ૧૨ બાદના અભ્યાસ, કારકિર્દી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે વિદ્યાર્થીઓને નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સેમિનારમાં વિદ્યાર્થીઓને તેમના રસ અને આવડત મુજબ યોગ્ય ક્ષેત્રની પસંદગી કેવી રીતે કરવી તેમજ મેડિકલ, એન્જિનિયરિંગ, કોમર્સ, સરકારી નોકરી અને અન્ય વિવિધ ક્ષેત્રોમાં રહેલી કારકિર્દીની તકો વિશે વિસ્તૃત માહિતી આપવામાં




આવી હતી. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.આ પ્રસંગે પંચમહાલ જીલ્લાના ડો. હરેશ દુધાત, બ્રિન્દા જાડેજા, ફીરદોસ હાજી કોઠી સહિત અન્ય આગેવાનો અને મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ વિદ્યાર્થીઓને જીવનમાં ઉચ્ચ લક્ષ્યાંકો નક્કી કરી મહેનત અને યોગ્ય માર્ગદર્શનથી સફળતા મેળવવા પ્રેરણા આપી હતી. અંતે આયોજકો દ્વારા ઉપસ્થિત મહેમાનો, વિદ્યાર્થીઓ અને વાલીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ગોધરા ની અદ્વિતીય સંસ્થા પ્લાઝમા ઈન્સ્ટિટ્યૂટ નું ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડ જેઇઇ -ગુજકેટ માં શ્રેષ્ઠ પ્રદર્શન.

**પંચમહાલ સમાચાર**
ગોધરા,

પ્લાઝ્મા કોન્સેપ્ટ ઈન્સ્ટિટ્યૂટ (No need for extra online coaching or tution ના સિદ્ધાંત થી ચાલતી) ધોરણ ૧૨ સાયન્સ અને ધોરણ ૧૦ માં તાજેતર ના પરિણામમાં ગુજરાત લેવલે ડંકો વાગાડેલ છે. સંસ્થાના ૧૦૩ વિદ્યાર્થીઓએ A1-A2 ગ્રેડમાં સ્થાન મેળવી ધોરણ ૧૨ સાયન્સમાં ૯૯.૧૬ PR સાથે અ૧ ગ્રેડ મેળવનાર પંક્તિ વસંતભાઈ ત્રિવેદી તેમજ ધોરણ ૧૦ ની ગુજરાતમાં દ્વિતીય ક્રમાંકે અને પંચમહાલ પ્રથમ ક્રમાંકે આવનાર ધન્વી બાબુભાઇ પટેલ ૫૮૯/૬૦૦ માર્ક્સ ૯૯.૯૮ PR મેળવેલ છે. પ્રેય પટેલ એ ૫૮૭/૬૦૦ માર્ક્સ અને ૯૯.૯૭ PR મેળવેલ છે. ગુજકેટની પરીક્ષામાં ગણિત વિષયમાં ૪૦/૪૦ સાથે યશ પટેલ કુલ ગુણ ૧૧૩.૫૦ મેળવેલ છે.નીચેના વિદ્યાર્થીઓએ ગુજકેટમાં ૧૦૦ થી વધુ ગુણ ૧૧



વિદ્યાર્થીઓએ મેળવેલ છે. યશ પટેલ, પંક્તિ ત્રિવેદી, રૂષિ પ્રજાપતિ, પ્રેમ પટેલ, શિકારી આરીબ, સિઝાન મેમોન, રૂકૈયા અડાદરાવાળા, ધ્રુવા પટેલ, પ્રાંજલ પટેલ, એન્જલ બારીયા, દિવ્યા સોલંકી, બાયોલોજીમાં ૧૦૦ માંથી ૯૮ માર્ક્સ સાથે ક્રિશા શાહ, ફિઝિક્સમાં ૯૮ માર્ક્સ સાથે રૂકૈયા અડાદરાવાળા. કેમિસ્ટ્રીમાં ૯૫ માર્ક્સ યશ અને ગણિતમાં ૯૭ માર્ક્સ રૂકૈયાએ મેળવેલ છે. આ વિદ્યાર્થીઓએ પરિવાર, સમાજ અને શાળાનું નામ રોશન કરેલ છે. પ્લાઝ્મા એ શિસ્ત, સંસ્કાર સાથે શ્રેષ્ઠ શિક્ષણની વ્યાખ્યાને પુરવાર કરી છે.

# કાલોલની બોરૂ રીફાઇ પબ્લિક સ્કૂલની ગર્વની હેટ્રિક : SSCમાં સતત ત્રીજા વર્ષે ૧૧૦% પરિણામ, HSCમાં ૯૯% સાથે ગ્રાન્ડ ડેબ્યુ

**પંચમહાલ સમાચાર**
કાલોલ,

કાલોલ તાલુકાના બોરૂ ગામે આવેલ રીફાઈ પબ્લિક સ્કૂલે માર્ચ–૨૦૨૬ની બોર્ડની પરીક્ષામાં ગૌરવવંતી સિદ્ધિ મેળવી છે. શાળાએ SSCમાં સતત ત્રીજા વર્ષે ૧૦૦% પરિણામની હેટ્રિક લગાવી છે, જયારે HSC વાણિજય પ્રવાહમાં ૯૯% પરિણામ સાથે ગ્રાન્ડ ડેબ્યુ કર્યું છે. ત્યારે ધોરણ–૧૦ SSCની ત્રીજી બેચે પણ ૧૦૦% પરિણામ મેળવી શાળાની પરંપરા જાળવી રાખી છે. બીજી તરફ ધોરણ–૧૨ HSC વાણિજયની ત્રીજી બેચે ૯૯% પરિણામ સાથે શાળાનું નામ રોશન કર્યું છે. આ ઉત્કૃષ્ટ પરિણામ બદલ શાળાના સંચાલક હઝરત સૈયદ મોઇનુદ્દીન ઉર્ફે નૈયરબાબા રીફાઈ અને ટ્રસ્ટી સૈયદ



સોયબબાબા સહિત રીફાઈ પબ્લિક સ્કૂલના પ્રિન્સિપાલ અને શિક્ષકોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. શાળાના સંચાલક સૈયદ મોઇનુદ્દીન કમાલુદ્દીન રીફાઈ એ જણાવ્યું કે, સફળતાની આ વિદ્યાર્થીઓના અતૂટ સમર્પણ, શિક્ષકોના ઉમદા માર્ગદર્શન તેમજ માતાપિતા અને દાતાઓના સતત વિશ્વાસ અને સમર્થનનો પુરાવો છે. તેઓએ વધુમાં ઉમેર્યું કે આ સિદ્ધિ ફક્ત RPS, બોરૂ દ્વારા જાળવી રાખવામાં આવેલા શિક્ષણના ઉચ્ચ ધોરણોને જ નહીં, પરંતુ શ્રેષ્ઠતા, દ્રઢતા અને સમુદાયની ભાવનાને પણ પ્રતિબિંબિત કરે છે.જે અમારી શાળાને વ્યાખ્યાયિત કરે છે. શાળા પરિવારે આ સફરનો અભિન્ન ભાગ બનવા બદલ સૌ વાલીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને શુભેચ્છકોનો આભાર માન્યો હતો.

# ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજનું ગૌરવ ડો.હેતલ નવીનકુમાર પંડ્યા એ પીએચ.ડી ની ડીગ્રી પ્રાપ્ત કરી

**પંચમહાલ સમાચાર**
ગોધરા,

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા ડો.હેતલ નવીનકુમાર પંડ્યાને સંસ્કૃત વિષયમાં મદ્ ભાગવત મહાપુરાણમાં આવતા પસંદ કરેલા આખ્યાનો/ કથાઓમાં તત્વજ્ઞાન એક અદયયન' વિષય ઉપર પોતાનું સંશોધન કાર્ય પૂર્ણ કરવા બદલ ડોક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી. તેમણે આ સંશોધન કાર્ય પ્રિ.ડો.જી.એન.બારીયા ના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું. અને પીએચ.ડી ની ડીગ્રી પ્રાપ્ત કરી. ડો.હેતલબેન પંડ્યાએ આ સંશોધન કાર્યમાં મદ્ ભાગવત મહાપુરાણમાંનું તત્વજ્ઞાન



જીવનમૂલ્યોના ઘડતરમાં, જીવનોન્નતિ, આત્મોન્નતિ પ્રાપ્ત કરવા માટે કઈ રીતે ઉપયોગી થઈ શકે તે બાબત ઉપર પ્રકાશ પાડ્યો છે. ડો.હેતલ નવીનકુમાર પંડ્યા વાવડી બુઝર્ગ પ્રાથમિક શાળા તા.ગોધરા માં ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં ભાષા શિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે.

# શહેરામાં ગરમીનો પારો ચઢતા જ કુદરતી ફળ તાડફળી ખાવા તરફ નાગરિકોનો ઝુકાવ

શહેરા,

પંચમહાલ જીલ્લામાં સૂર્યનારાયણનો મિજાજ આકરો બનતાની સાથે જ જનજીવન ગરમીથી બેહાલ બન્યું છે. તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચતા લોકો ગરમીથી રાહત મેળવવા માટે ઠંડા પીણા અને કુદરતી ફળો તરફ વળ્યા છે. આ કાળઝાળ ગરમી વચ્ચે શહેરાના સ્થાનિક બજારોમાં ઉનાળાનું વિશેષ ફળ ગણાતી તાડફળી નું આગમન થયું છે, નગરના મુખ્ય બજાર, બસ સ્ટેન્ડ વિસ્તાર અને મુખ્ય માર્ગો પર સવારથી જ લારીઓ પર તાડફળીનો ખડકલો જોવા મળી રહ્યો હતો. આ ફળ માત્ર સીઝનલ હોવાથી અને તેની ઠંડક આપવાની ગુણધર્મ હોવાથી લોકો હોંશે હોંશે તેની ખરીદી કરતા હોય છે. આયુર્વેદિક



દ્રષ્ટિએ તાડફળીને ઉનાળાનું શ્રેષ્ઠ ફળ માનવામાં આવે છે. સ્થાનિક વેપારીઓના જણાવ્યા મુજબ, તાડફળીમાં પુષ્કળ પ્રમાણમાં પાણી અને પોષક તત્વો હોય છે, જે શરીરમાં પાણીની કમી (ડીહાઈડ્રેશન) થવા દેતા નથી. તે પેટની બળતરા, એસિડિટી અને ગરમીને કારણે થતા ચામડીના રોગોમાં ખૂબ જ ગુણકારી છે. આ જ કારણ છે કે ઠંડા પીણાં કે આઈસક્રીમ કરતા લોકો કુદરતી અને શુદ્ધ એવી તાડફળીને વધુ પસંદ કરી રહ્યા છે.

# સબ જેલ ગોધરા ખાતે ગાયત્રી હવન - યજ્ઞનું આયોજન

ગોધરા,

ગોધરા સબ જેલ ખાતે જેલોના વડા .ડી.જી.પી. મે. ડો.કે.એલ.એન.રાવ તથા મે. નાયબ પોલીસ મહાનિરીક્ષક આર.પી.બારોટ તથા જીલ્લા કાનુની સેવા સતામંડળ, ગોધરાના ચેરમેન સી.કે.ચૌહાણ ના માર્ગદર્શન મુજબ આજ રોજ તા.૦૯/૦૫/૨૦૨૬ ના રોજ ગોધરા સબ જેલ ખાતે બંધી રહેલ બંદીવાન ભાઈઓમાં માનસિક સ્વાસ્થ્ય અને હૃદય પરિવર્તન, સકારાત્મક વિચારો આવે અને ગુનાહિત પ્રવૃત્તિ છોડી સારા માર્ગ તરફ પ્રયાણ કરે તેમજ તેમનામાં



ધાર્મિક લાગણી ઉભી થાય તેમજ વ્યસન મુક્તિ માટે સરદારભાઈ એન લબાના તથા તેઓના ગાયત્રી પરિવારની ટીમના સહયોગથી ગાયત્રી હવન / યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે જીલ્લા પોલીસ અધિક્ષકએ ગોધરા પંચમહાલ વતી સુભાષભાઈ પંડ્યા, જેલ સલાહકાર સમિતી બોર્ડ ના સભ્ય નિતીનભાઈ શાહ તથા જીલ્લા કાનુની સેવા સતા મંડળ તરફ થી જશવંતભાઈ કોન્ટ્રાકટર તેમજ અન્ય વકીલો, તથા જેલ અધિક્ષક આર.બી મકવાણા તથા જેલ સ્ટાફના કર્મચારીઓ તેમજ જેલના ૧૫૦ બંધીવાન ભાઇઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે જેલની અંદર ભક્તિમય વાતાવરણ સર્જાયેલ હતુ. અંતમાં જેલ અધીક્ષક દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ સભ્યોનું કાર્યક્રમના આયોજન અને સંચાલન બદલ આભાર વ્યકત કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવેલ.